# નિયામક, નાગરીક ઉડ્ડયનની કચેરી

# ઉધોગ અને ખાણ વિભાગ

# તા.૨૬/૧૨/૨૦૨૩નાં રોજ હેલિકોપ્ટર બાબતે ઉદ્દભવેલ પ્રશ્ન અંગે વિગત

- સદર એજન્સીને VT-SVP હેલિકોપ્ટરનાં ઓપરેશનની કામગીરી ટેન્ડર પધ્ધતિ મારફતે મેસર્સ પિનાકલ એવિએશનને નિમણૂંક કરવામાં આવેલ. સદર એજન્સીને તા.૨૧/૧૧/૨૦૨૩થી કામગીરી સોંપવામાં આવેલ છે. જે મુજબ એજન્સી દ્વારા ટેન્ડરની શરતો મુજબ હેલિકોપ્ટરનાં ઓપરેશનની કામગીરી માટે કુલ ત્રણ પાયલટ અમદાવાદ બેઝ કાયમી ધોરણે પુરા પાડવાનાં રહે છે. પરંતુ સદર એજન્સી દ્વારા અત્યાર સુધીમાં ફકત એક જ પાયલટ અમદાવાદ બેઝ રાખેલ છે.
- આથી રાજય સરકારનું હેલિકોપ્ટરનાં ઉડ્ડયન માટે પાયલટ ન હોવાથી હેલિકોપ્ટર ઉડ્ડયન કરી શકતુ નથી. જેથી અત્રેથી મેસર્સ પવનહંસ (ભારત સરકારનું સાહસ) પાસેથી હેલિકોપ્ટર ભાડે લેવામાં આવેલ છે.

# તા.૨૬/૧૨/૨૦૨૩નાં રોજ હેલિકોપ્ટર બાબતે ઉદ્ભવેલ પ્રશ્ન અંગે વિગત

- તા.૨૬/૧૨/૨૦૨૩નાં રોજ માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાતનાં ગાંધીનગર થી પાલિતાણાનાં હવાઇ પ્રવાસન દરમ્યાન સદર પવનહંસનાં હેલિકોપ્ટરમાં કોઇ ખામી સર્જાયેલ ન હતી. તેમજ હેલિકોપ્ટર સુરક્ષીત રીતે પાલીતાણા હેલિપેડ લેન્ડ કરવામાં આવેલ. ત્યારબાદ હેલિકોપ્ટર બંધ કર્યાબાદ પાયલટ દ્વારા એકવાર હેલિકોપ્ટરને ચારે બાજુ ફરીને જોતા હેલિકોપ્ટરનાં ગીયર બોક્ષમાંથી ઓઇલ લીકેઝ થતુ જણાયેલ.
- ત્યારબાદ પાયલટ દ્વારા અત્રેની કચેરીને જાણ કરવામાં આવેલ. જેથી વીવીઆઇપી સુરક્ષાને ટોચની અગ્રતાક્રમ આપતા નાની અમથી પણ ખામી સર્જાત તો હેલિકોપ્ટરનાં ઉડ્ડયન કરવાનું ટાળવામાં આવે છે. અત્રેથી સદર હેલિકોપ્ટર રીફ્યુલીંગ માટે બાઉઝર પણ પાલીતાણા મોકલી આપવામાં આવેલ હતુ.

# તા.૨૬/૧૨/૨૦૨૩નાં રોજ હેલિકોપ્ટર બાબતે ઉદ્‌ભવેલ પ્રશ્ન અંગે વિગત

- આમ, અત્રેથી તમામ વ્યવસ્થા કરવામાં આવેલ હતી, પરંતુ સદર ખામીને કારણે તેનું ઉડ્ડયન ટાળવવા આવ્યુ. પરંતુ વીવીઆઇપી ઓપરેશન (ઉડ્ડયન) રોકાય નહી, આથી  વિકલ્પ તરીકે અત્રેથી માનનીય માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાતને પરત લાવવા અમદાવાદ થી ભાવનગર ખાતે મેસર્સ શ્રીજી એવિએશન પાસેથી વિમાન ભાડે લેવામાં આવેલ. જેમાં માનનીય માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાતને પાલીતાણા થી બાય રોડ ભાવનગર એરપોર્ટ અને ભાવનગર એરપોર્ટ થી અમદાવાદ એરપોર્ટ ખાતે લાવવાની વિમાન મારફતે વૈકલ્પિક વ્યવસ્થા અત્રેથી તાત્કાલિક ધોરણે કરવામાં આવેલ હતી.
- સદર હેલિકોપ્ટર ૧૬ વર્ષ જુનુ હોઇ, તથા નવા હેલિકોપ્ટર માટે નવી  બાબત મંજૂર કરાવી માંગણી કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ખરીદવાનું આયોજન છે.

# તા.૨૬/૧૨/૨૦૨૩નાં રોજ હેલિકોપ્ટર બાબતે ઉદ્દભવેલ પ્રશ્ન અંગે વિગત

- વધુમાં પાયલોટ અવેલેબલ થાય તે માટે અત્રેથી તમામ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. તેમજ અત્રેથી નિમણૂક કરેલ એજન્સી દ્વારા જાન્યુઆરી-૨૦૨૩નાં અંત સુધીમાં પાયલટ ઉપલબ્ધ કરાવવા જણાવેલ છે.
- વધુમાં પાલિતાણા ખાતે ટેકનીકલ ખામીને કારણે બંધ થયેલ હેલિકોપ્ટરની જગ્યાએ વૈકલ્પિક વ્યવસ્થા માટે અત્રેથી મેસર્સ પવનહંસ કંપની સાથે ટેલિફોનીક ચર્ચા કરી અન્ય હેલિકોપ્ટર જુહુ, મુબંઇ થી ધોરડો મોકલી આપવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ. પરંતુ જુહુ, મુબંઇ ખાતે તા.૨૭/૧૨/૨૦૨૩નાં રોજ સવારે વેધર યોગ્ય ન હોઇ, હેલિકોપ્ટર ઉડ્ડયન કરી શકેલ નહી.
- વધુમાં મેસર્સ પવનહંસ દ્વારા તેઓનાં હેલિકોપ્ટરની જગ્યાએ અન્ય હેલિકોપ્ટર મોકલી આપવમાં આવેલ છે. જેથી હવે વીવીઆઇપી ફ્લાઇંગમાં કોઇ પ્રશ્ન ઉદ્દભવે નહી.

CIVIL AVIATION DEPARTMENT

GOVT. OF GUJARAT
INDIA

# આભાર